# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 30.04.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

**************************************************

1) પશ્ચિમ બંગાળમાં બે તબક્કાની વિધાનસભાચૂંટણીમાં આઝાદી બાદ સૌથી વધુ 92.47 ટકા મતદાન થયું છે.

2) એક્ઝિટ પોલમાં આસામમાં ભાજપના વિજયની, પશ્ચિમ બંગાળમાં ભાજપ-ટીએમસીમાં સ્પર્ધા, કેરળમાં કોંગ્રેસ અને પુડુચેરીમાં એનડીએને ફરી સત્તા મળવાનુ તેમજ તામિલનાડુમાં ડીએમકેના વિજયના તારણો

3) મધ્યપ્રદેશ અને કર્ણાટકમાં ગઇકાલે રાત્રે સર્જાયેલી બે દુર્ઘટનાઓમાં 19નાં મોત

4) રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ શ્રીનગર-કટરા વંદે ભારત એક્સપ્રેસ સેવાને લીલી ઝંડી આપશે.

5) અમેરિકાએ વધતા તણાવ વચ્ચે હોર્મુઝ સ્ટ્રેટ પર નાકાબંધીને લંબાવવાના સંકેત આપ્યા

6) IPLમાં આજે, અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ગુજરાત ટાઇટન્સ -રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમશે

.................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# WB ELECTIONS

પશ્ચિમ બંગાળમાં બે તબક્કાની વિધાનસભા ચૂંટણીમાં રેકોર્ડ 92.47 ટકા મતદાન થયું છે, જે સ્વતંત્રતા પછી રાજ્યમાં સૌથી વધુ છે.

બીજા તબક્કામાં મતદાનની ટકાવારી 91.66 ટકા હતી, જ્યારે 23 એપ્રિલના રોજ પ્રથમ તબક્કામાં 93.19 ટકા મતદાન થયું હતું. બંને તબક્કામાં સંયુક્ત મતદાનની ટકાવારી 92.47 ટકા રહી છે.

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારે કહ્યું કે, સ્વતંત્રતા પછી પશ્ચિમ બંગાળમાં અત્યાર સુધીના સૌથી વધુ મતદાન માટે, ચૂંટણી પંચ રાજ્યના દરેક મતદારનું સમ્માન કરે છે.

વિધાનસભા ચૂંટણીના બીજા અને અંતિમ તબક્કામાં ગઈકાલે 142 બેઠકો માટે મતદાન યોજાયું હતું.

આ મહિને મતદાન થયેલી પાંચેય વિધાનસભાઓ - પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, પુડુચેરી, કેરળ અને આસામ - ની મતગણતરી 4 મેના રોજ હાથ ધરવામાં આવશે.

# EXIT POLL

અનેક એક્ઝિટ પોલમાં આસામમાં ભાજપને પ્રચંડ વિજય મળવાની આગાહી કરવામાં આવી છે.

ટીવી ચેનલો અને ખાનગી કંપનીઓ દ્વારા હાથ ધરાયેલા એક્ઝિટ પોલમાં, આસામમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધનને લગભગ 87 થી 100 બેઠકો મળવાની આગાહી છે, જ્યારે કોંગ્રેસને લગભગ 26 થી 36 બેઠકો મળવાની અપેક્ષા છે.

પશ્ચિમ બંગાળમાં, કેટલાક એક્ઝિટ પોલમાં ભાજપની જીત થવાની આગાહી કરવામાં આવી છે જ્યારે અન્યમાં તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી)ની જીત થવાની આગાહી કરવામાં આવી છે. એક્ઝિટ પોલમાં ભાજપને લગભગ 140 થી 160 બેઠકો મળવાની અપેક્ષા છે, જ્યારે ટીએમસીને લગભગ 120 થી 140 બેઠકો મળવાની સંભાવના છે.

કેરળમમાં, એક્ઝિટ પોલમાં, કોંગ્રેસ ફરી સત્તામાં આવવાની સંભાવના છે. એક્ઝિટ પોલમાં કોંગ્રેસની આગેવાની હેઠળના યુડીએફને 75 થી 90 બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે, જ્યારે એલડીએફને 45 થી 60 બેઠકો મળવાની અપેક્ષા છે.

તમિલનાડુમાં મોટાભાગના એક્ઝિટ પોલમાં ડીએમકેની આગેવાની હેઠળના ગઠબંધનને સ્પષ્ટ લીડ મળવાની આગાહી કરવામાં આવી છે. એક્ઝિટ પોલમાં ડીએમકેને લગભગ 112 થી 140 બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે જ્યારે એઆઈએડીએમકેને 60 થી 100 બેઠકો મળવાની આગાહી કરવામાં આવી છે.

પુડુચેરીમાં, લગભગ બધા એક્ઝિટ પોલમાં એનડીએ સરકાર સત્તામાં પાછા ફરવાની આગાહી કરવામાં આવી છે. તેમણે એનડીએ ગઠબંધનને 16 થી 20 બેઠકો મળવાનો અંદાજ લગાવ્યો છે, જ્યારે ડીએમકે-કોંગ્રેસ ગઠબંધનને 6 થી 8 બેઠકો મળવાનો અંદાજ લગાવ્યો છે.

# AMIT SHAH –LADAKH

ગૃહમંત્રી અમિત શાહ આજથી લદ્દાખના બે દિવસના પ્રવાસે છે. આ મુલાકાત દરમિયાન, તેઓ ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રથમ આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં ભાગ લેશે, જે આવતીકાલે બુદ્ધ પૂર્ણિમાના અવસરે શરૂ થશે. એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી શાહે જણાવ્યું હતું કે, આ પ્રદર્શનમાં વિશ્વના વિવિધ દેશોમાંથી ભક્તો ભગવાન બુદ્ધના અવશેષોની પૂજા કરશે.

આ પ્રદર્શન અંગે સાંભળીએ એક અહેવાલ...

**(BYTE: SAKLEN 19.31)**

# BENGALURU ACCIDENT

કર્ણાટકની રાજધાની બેંગલુરુમાં બોરિંગ અને લેડી કર્ઝન હોસ્પિટલ નજીક ગઈકાલે એક દિવાલ ધરાશાયી થતાં ત્રણ બાળકો સહિત સાત લોકોના મોત થયા હતા. ભારે વરસાદ, ભારે પવન અને કરા પડવાને કારણે આ ઘટના બની હતી. દિવાલ અચાનક તૂટી પડવાથી ત્યાં ઉભેલા લોકો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

અકસ્માત બાદ મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ સ્થળની મુલાકાત લીધી હતી. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને આ દુ:ખદ ઘટના પર શોક વ્યક્ત કર્યો હતો.

# MP ACCIDENT

મધ્યપ્રદેશના ધાર જિલ્લામાં ગઈકાલે રાત્રે એક વાહન પલટી જતાં 12 મજૂરોના મોત થયા હતા અને 20 અન્ય ઘાયલ થયા હતા. બગગઢથી 35 મજૂરોને લઈ જઈ રહેલા વાહનના ડ્રાઈવરે ચિકલિયા ચારરસ્તા પાસે કાબુ ગુમાવતા આ અકસ્માત સર્જાયો હતો.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આ ઘટના પર દુઃખ વ્યક્ત કર્યું છે. પ્રધાનમંત્રીએ મૃતકોના પરિવારજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયા અને ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

મધ્યપ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવે પણ શોક વ્યક્ત કર્યો છે અને મૃતકોના પરિવારજનોને 4 લાખ રૂપિયા, ગંભીર રીતે ઘાયલોને 1 લાખ રૂપિયા અને અન્ય ઘાયલોને 50 હજાર રૂપિયાની સહાયની જાહેરાત કરી છે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# VANDE BHARAT JAMMU

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે જમ્મુ તાવી રેલ્વે સ્ટેશનથી વિસ્તૃત શ્રીનગર-કટરા વંદે ભારત એક્સપ્રેસ સેવાને લીલી ઝંડી આપશે.

હાલમાં શ્રીનગર અને શ્રી માતા વૈષ્ણો દેવી કટરા વચ્ચે દોડતી આ ટ્રેનને હવે જમ્મુ તાવી સુધી લંબાવવામાં આવી છે. આ ટ્રેન હવે આઠને બદલે 20 કોચ સાથે ચાલશે.

આ અંગે સાંભળીએ એક અહેવાલ...

(BYTE: DIPENDER 6.55)

# SONOWAL - MEETING

જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલે જણાવ્યું છે કે, ભારત નાણાકીય વર્ષ 2026-27માં 51,000 કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે તેના કાફલામાં 62 જહાજો ઉમેરવા તરફ આગળ વધી રહ્યું છે.

આજે નવી દિલ્હીમાં હોર્મુઝ સ્ટ્રેટ પર એક ઉચ્ચ-સ્તરીય આંતર-મંત્રી સમીક્ષા બેઠકની અધ્યક્ષતા કરતા, શ્રી સોનોવાલે બાહ્ય અવરોધો સામે સ્થિતિસ્થાપકતા સુનિશ્ચિત કરવા માટે ભારતની શિપિંગ ક્ષમતાના તાત્કાલિક વિસ્તરણ માટે હાકલ કરી.

બેઠક દરમિયાન, તેમણે શિપિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયા અને ઓઇલ પબ્લિક સેક્ટર ઉપક્રમો વચ્ચે 59 જહાજો હસ્તગત કરવા માટેના સંયુક્ત સાહસની સ્થિતિની પણ સમીક્ષા કરી.

શ્રી સોનોવાલે જણાવ્યું હતું કે, ભારતીય નાવિકોની સલામતી સરકાર માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આંતર-મંત્રી બેઠક ભારતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક દરિયાઈ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવા માટે મંત્રાલયો અને હિસ્સેદારો વચ્ચે વધુ સંરેખણ, સંકલન અને અમલીકરણ માટે હાકલ સાથે સમાપ્ત થઈ.

# IRAN –AMERICA CONFLICT

અમેરિકા અને ઈરાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, અમેરિકાએ સંકેત આપ્યો છે કે, ઈરાની બંદરો પર નાકાબંધી લાંબા સમય સુધી ચાલુ રહી શકે છે. અમેરિકા આ નાકાબંધી પર 25 અબજ ડોલરથી વધુ ખર્ચ કરી ચૂક્યું છે. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર ઈરાનને કડક ચેતવણી આપી હતી, અને તેને સમજદારીપૂર્વક કામ કરવા જણાવ્યું હતું . અમેરિકાનું કહેવું છે કે જો ઈરાન તેનો પરમાણુ કાર્યક્રમ બંધ કરે તો જ યુદ્ધવિરામ શક્ય છે. બીજી તરફ, ઈરાને કોઈપણ દબાણ હેઠળ વાટાઘાટો કરવાનો ઇનકાર કર્યો છે.

દરમિયાન, સંયુક્ત રાષ્ટ્ર પરમાણુ નિરીક્ષક સંસ્થાએ અંદાજ લગાવ્યો છે કે ઈરાનના યુરેનિયમ ભંડાર ઇસ્ફહાનમાં હોઈ શકે છે. આનાથી યુરોપ અને સમગ્ર એશિયાની સરકારોમાં ચિંતા વધી છે. દરમિયાન, ઈરાનની આર્થિક સ્થિતિ સતત બગડી રહી છે, અને ડોલર સામે રિયાલ રેકોર્ડ નીચા સ્તરે પહોંચી ગયો છે.

આ હોવા છતાં, ઈરાની સાંસદોએ જણાવ્યું છે કે દેશ પાસે લાંબા યુદ્ધ માટે પૂરતા પ્રમાણમાં ડ્રોન અને મિસાઇલો છે.

# IPL

આઈપીએલ ક્રિકેટમાં, સનરાઈઝર્સ હૈદરાબાદે ગઈકાલે રાત્રે વાનખેડે સ્ટેડિયમ ખાતે મુંબઈ ઈન્ડિયન્સને છ વિકેટે હરાવ્યું.

પ્રથમ બેટિંગ કરતા મુંબઈ ઇન્ડિયન્સે 244 રન બનાવ્યા હતા. સનરાઇઝર્સ હૈદરાબાદે 19મી ઓવરમાં લક્ષ્ય હાંસલ કર્યું હતું.

આજે, ગુજરાત ટાઇટન્સ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે રમશે. મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

## <u>આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે સંસ્કૃતિ ભુંડિયા</u>

- આજના અખબારોમાં મુખ્યત્વે પાંચ રાજ્યોમાં એક્ઝિટ પોલના સમાચાર વાંચવા મળી રહ્યા છે.
- દિવ્ય ભાસ્કર લખે છે કે, એક્ઝિટ પોલ: 6માંથી 5નું તારણ: બંગાળમાં ભાજપને બહુમત.
- ગુજરાત સમાચાર લખે છે કે, બંગાળમાં ત્રિશંકુ: આસામમાં ભગવો, કેરળમાં પરિવર્તન.
- સંદેશ અને ફૂલછાબ લખે છે કે, બંગાળમાં ભાજપ સરકારનો વરતારો.
- અને નવગુજરાત સમયે લખ્યું છે કે, આસામમાં ભાજપ, બંગાળમાં ટક્કર, તામિલનાડુમાં સ્ટાલિન, કેરળમાં કોંગ્રેસ.

- સ્થાનિક સમાચારોમાં જોઈએ તો, રાજ્યમાં ગરમી ઘટવાની આગાહી, હિંમતનગર હાઇવે પર કાર અને બસ વચ્ચે અકસ્માત: 6નાં મૃત્યુ, 8 ઘાયલ, ગુજરાત યુનિવર્સિટીની વહીવટી ભરતીમાં 4 હજારથી વધુ ઉમેદવારોની આજે મુખ્ય પરીક્ષા લેવાશે, કચ્છના ખિદરત ટાપુ પરથી માદક પદાર્થના 10 બિનવારસુ પેકેટ મળ્યા જેવા સમાચાર વાંચવા મળી રહયા છે.

---------------------------------